GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

# પંડિતરાજ સ્વામીશ્રી ભગવદાચાર્ય – પરિચય

ભોઈ ગૌરાંગકુમાર વાડીલાલ

મુ.પો.તા સંતરામપુર.

જિ. . મહીસાગર– ૩૮૯૨૬૦

**• ભૂમિકા**

જગતના અનેક સાહિત્યોમાં સંસ્કૃત સાહિત્ય અદ્વિતીય ઓળખ ઉભી કરે છે. વૈદિક સાહિત્યથી લઈને અર્વાચીન કાળ સુધીના સંસ્કૃત સાહિત્યના ખેડાણને જોતા એટલું ચોક્કસ કહી શકાય કે વિશ્વની બીજી ભાષાઓ કરતા સંસ્કૃત ભાષા ન માત્ર ભાષા તરીકે પરંતુ વિશ્વ મંગલને લક્ષમાં રાખતી સંજીવની સ્વરૂપે આપણી સમક્ષ પોતાનું અદ્વિતીય સ્વરૂપ પ્રગટ કરે છે.

સસ્કૃત સાહિત્યના આ અનુપમ સૌંદર્યને વધારવામાં સંસ્કૃત કવિઓનો મહત્વનો ફાળો છે. વૈદિક કાળથી લઈને આધુનિક કાળ સુધી અનેક કવિઓએ પોત પોતાની આગવી પ્રતિભાનો પરિચય કરાવતા અનેક કાવ્યો – મહાકાવ્યોનું સર્જન કર્યું છે. એવા એક આધુનિક સંસ્કૃત કવિ પંડિતરાજ ભગવદાચાર્યજી આધુનિક સંસ્કૃતને પોતાની આગવી પ્રતિભાથી સમૃદ્ધ કરવામાં મહત્વનો ફાળો આપે છે. ભગવદાચાર્યજી ન માત્ર સંસ્કૃત કવિ પરંતુ બહુમુખી પ્રતિભા ધરાવતા વિદ્વાન અને ખરા અર્થમાં પંડિતરાજ છે તે તેમની કૃતિઓના આધારે આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ.

**• જન્મ – પરિવાર**

૧૮૮૦મા કાન્યકુબ્જમા જન્મેલા ત્રિપાઠી પરિવારના રત્ન સમા ભગવદાચાર્યજી બાળપણમાં સર્વજીત એવા નામથી ઓળખાતા. પિતાનું નામ ગંગોદત્ત ત્રિપાઠી અને માતાનું નામ મારાક્ષીદેવી હતું. રામાનંદ સંપ્રદાયમાં આ મહામાનવ ભગવદાચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા હતા. નાની ઉંમરમાં જ્યોતિષના પુસ્તકોનું અધ્યયન કર્યું અને સંસ્કૃત શીખવાની તત્પરતા અને તાલાવેલીના કારણે લઘુકૌમુદીનુ અધ્યયન પણ કર્યું.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

એ વાત નોંધવા જેવી છે કે લઘુકૌમુદીનું અધ્યયન કર્યું ત્યારે ભગવદાચાર્યજીની ઉંમર માત્ર બાર–તેર વર્ષની હતી. ભગવદાચાર્યજી બાળપણમાં જ આર્ય સમાજના વિદ્વાનોના સંપર્કમાં રહી વેદ, વેદાંગ, વ્યાકરણ, તર્કશાસ્ત્ર અને સંસ્કૃત સાહિત્યનો ગહન અભ્યાસ કર્યો.

સ્વામીશ્રી ભગવદાચાર્યજી વિદ્વાનોના સંપર્કમાં રહીને સંસ્કૃત સાહિત્યાકાશનાં વિવિધ સ્વરૂપોના પરિચયમાં આવ્યા. પોતે બાળપણથી જ અનુપમ બુદ્ધિ પ્રતિભાના સ્વામી હોવાના કારણે તેમણે પોતે વિદ્વાનોનો સંગ કર્યો અને પોતાની પ્રતિભાને ખીલવવા માટે પ્રયત્નો શરૂ કર્યા. પોતાના જીવનનો કેટલોક સમય કાશીના પંડિતો વચ્ચે પસાર કર્યો અને નિરુક્ત જેવા અનુપમ ગ્રંથનો પણ અભ્યાસ કર્યો.

**• રામાનંદ સંપ્રદાયમાં પ્રવેશ અને શાસ્ત્રાર્થ.**

પંડિતરાજ સ્વામીશ્રી ભગવદાચાર્યજીએ જ્યારે અયોધ્યામાં નિવાસ કર્યો ત્યારે તેમણે ઘણા બધા શાસ્ત્રાર્થ કરીને પોતાની ખ્યાતિ ચારેય દિશાઓમાં પ્રકાશિત કરી હતી. જેમાં કાશીમાં વૈષ્ણવ ધર્મ તથા વિશિષ્ટાદ્વૈત વેદાંત પક્ષ ગ્રહણ કરીને શૈવો સામે શાસ્ત્રાર્થ કરીને વૈષ્ણવ ધર્મનો ધ્વજ વિદ્વાનોની સભામાં ઉંચો કર્યો હતો. ભગવદાચાર્યજીએ શ્રી સંપ્રદાય રક્ષા નામના પુસ્તકની રચના કરી હતી. જેનાથી રામાનંદ સંપ્રદાયની વિજય ધ્વનિ ચારે દિશાઓમાં ગુંજી ઉઠી હતી. આ પુસ્તકની રચના પછી લોકોમાં ભગવદાચાર્યજી અવતારી પુરુષ તરીકે ઓળખાવા લાગ્યા હતા. તે તેમની વિદ્વતા અને પ્રતિભાનુ સર્વવિદીત પ્રમાણ છે.

**• વ્યક્તિત્વ:**

શ્રીમદ્‌ભગવદ્ગીતામાં સ્થિતપ્રજ્ઞના લક્ષણો આપ્યા  છે જેમા કહ્યું છે કે જેમ કાચબો બધી બાજુએથી પોતાના અંગોને પોતાનામાં સમેટી લે છે તેમ મનુષ્ય પોતાની બધી ઇન્દ્રિયોને ઇન્દ્રિયોના વિષયમાંથી ખેંચી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થાય છે. તેવી જ રીતે ભગવદાચાર્યજી બાળપણથી જ બ્રહ્મચારી તરીકે પોતાનું જીવન વ્યતીત કરતા સાંસારિક સુખોને ત્યાગીને ભારતીય સંસ્કૃતિની રક્ષા કરવાનું મહાન કાર્ય તેમણે શરૂ કર્યું હતું. શ્રુતિ, સ્મૃતિ, સંસ્કૃત સાહિત્ય, વૈદિક સાહિત્ય, ઉપનિષદો, પુરાણો ,વ્યાકરણના ગ્રંથો વગેરેનો અભ્યાસ કરીને પોતાની પ્રતિભાને ભારતીય સંસ્કૃતિના રક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત કરી હતી.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

**• વિશિષ્ટ સન્માન:**

સ્વામીશ્રી ભગવદાચાર્યજીએ આધુનિક સંસ્કૃત સાહિત્યને પોતાની પ્રતિભાના આગવા સૌંદર્યથી આચ્છાદિત કર્યું હતું. તત્વદર્શી પત્રિકાનું આઠ વર્ષ સુધી સફળતાપૂર્વક સંપાદન કરી પોતાની વિદ્વતાનો પરિચય કરાવ્યો. સંપ્રદાય ઉપયોગી સંસ્કૃત, હિન્દી, ગુજરાતી વગેરે ભાષાઓમાં નિબંધો અને લેખો પણ લખ્યા, જે લેખ રત્ન મંજુશામા સંગ્રહિત કરવામાં આવ્યા છે. કાશીની પંડિત સભામાં ભગવદાચાર્યજીના પાંડીત્યથી પ્રભાવિત થઈને તેમને પંડિતરાજની ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ વિશિષ્ટતાઓને કારણે 1971 માં કાશીમાં ભગવદાચાર્યજીનો શતાબ્દી સમારોહ મનાવવામાં આવ્યો હતો. પંડિતરાજ સ્વામીશ્રી ભગવદાચાર્યજી આ યુગના મહાન સાહિત્યકાર કહીએ એમાં કોઈ અતિશયોક્તિ નથી. સ્વામીજીએ રામાનંદ સંપ્રદાય અને સનાતન ધર્મની રક્ષા માટે અનેક ગ્રંથોની રચના કરી હતી. માસિક પત્રિકા ભક્તિ ભગીરથી અને એમના સ્મૃતિ ગ્રંથોમાં તેમના દ્વારા રચેલી 90 જેટલી પુસ્તકો બતાવવામાં આવે છે તે તેમની વિદ્વતા અને પંડિતરાજની ઉપાધિને સાર્થક કરે છે.

**• આધુનિક સંસ્કૃત મહાકાવ્યોના સર્જક.**

સંસ્કૃત સાહિત્યમાં મહાકાવ્યોની રચના થાય છે તેમાં પણ પંચ મહાકાવ્યો આદર્શ મહાકાવ્ય તરીકે સંસ્કૃત સાહિત્યાકાશમાં પોતાની અનન્યતાને ધારણ કરે છે. તેવી જ રીતે સંસ્કૃત સાહિત્યમાં આધુનિક કાળમાં પણ મહાકાવ્યની રચના થતી જોવા મળે છે. આધુનિક સંસ્કૃતિ સાહિત્યમાં મહત્વના ગણી શકાય તેવા ત્રણ મહાકાવ્યની રચના સ્વામીશ્રી ભગવદાચાર્યજીએ કરી છે જેમાં આઝાદીના આંદોલનના મુખ્ય પ્રણેતા અને આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન અને દેશભક્તિને ઉજાગર કરતા આ મહાકાવ્યો સ્વામીશ્રી ભગવદાચાર્યજીની મહત્વની રચનાઓમાં ગણાય છે. 'भारतपारिजातम्' આધુનિક સંસ્કૃત મહાકાવ્ય છે. જેમાં મહાત્મા ગાંધીજીના જન્મથી લઈને આ મહાકાવ્યનો પ્રારંભ થાય છે. મહાકાવ્યને પોષક રસ, રીતી, ગુણ, વર્ણનો, અલંકારો છંદો, પાત્રચિત્રણ, પંચસંધિ વગેરે ખૂબ સુંદર રીતે પ્રયોજિત થયા છે. તેવી જ રીતે પારિજાત અપહાર અને પારિજાત સૌરભમ તેમના મહત્વના સંસ્કૃત મહાકાવ્યો છે. સ્વામીજી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 5
September- October: 2025

માત્ર સમ્પ્રદાય આચાર્ય જ નહી માનવજાતિના માનવમાત્રના વિલક્ષણ ધર્મચાર્ય પણ હતા. તેમણે તેમની આગવી પ્રતિભાનુ દર્શન કરાવતા ત્રણ મહાકાવ્યોની રચના કરી હતી.

संस्कृत महाकाव्यम्

भारतपारिजातम् (महाकाव्यम्) | पारिजातापहारः (महाकाव्यम्) | पारिजातसौरभम् (महाकाव्यम्)

**• ઉપસંહાર**

આમ પંડિતરાજ સ્વામીશ્રીભગવદાચાર્ય આધુનિક સંસ્કૃત કવિ, રાષ્ટ્રનિર્માણ અને ચરિત્રનિર્માણ કરનાર એક દ્રષ્ટા, પ્રખર વિદ્વાન, સંસ્કૃત વિશારદ, દેશભક્ત, સમાજસેવક, વૈચારિક ક્રાંતિકારી, બહુમુખી પ્રતિભા ધરાવતા આ યુગના અદ્વિતીય વિભૂતિ કહીએ તેમાં કોઈ અતિશોયક્તિ જણાતી નથી.

**• સંદર્ભ ગ્રંથો**

गान्धि-गाथा, आचार्य मधुकर शास्त्री, राजस्थान साहित्य अकादमी, "संगम उदयपुर प्रथम संस्करण १૯૭3

गान्धिगीता, आ०वि०काणे., जे० विनायक प्रकाशन, दादर, मुम्बई - २८, १९५९

भारतपारिजातम् ,परमहंस परिव्राजक स्वामी, भगवदचार्य, ज्योतिष प्रकाश प्रेस, बनारस सिटी, २०/०७/१९६९

पारिजातापहारः ,परमहंस परिव्राजक स्वामी
समीक्ष्य काव्य, भगवदाचार्य, ज्योतिष्यकाश प्रेस, बनारस सिटी, २०/०७/१९६९

पारिजात सौरभम्, परमहंस परिव्राजक स्वामी
समीक्ष्य ग्रन्थ, भगवदा वार्य, ज्योतिष प्रकाश प्रेस, बनारस सिटी, २०/०७/१९६९